| Innovation ID | DTP0010000002787 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | ખેતરમાં ખાડા કરી પાણીનો બગાડ અટકાવવા માટે |
| Category | જળ સંરક્ષણ |
| Notebook Number | Lok(૩)૫, Oct.-૧૯૯૮, Pg.No.-૧૦ |
| Brief | ખેતરમાં ખાડા કરી પાણીનો બગાડ અટકાવવા માટે ગોળ ખાડા બનાવવામાં આવે છે. |
| Detail | સામાન્ય રીતે ખેડૂતો ચોરસ કે લંબ ચોરસ એક ક્યારામાં ૮૫૦ થી ૯૦૦ છોડ રોપે છે. પરંતુ અહીં ખેતરમાં ૪.૫ ફૂટના પરિઘવાળા અને ૩ ફૂટ ઉંડાઈવાળા ખાડા બનાવવામાં આવે છે અને દરેક ખાડા ફરતા સાતથી આઠ રોપા વાવવામાં આવે છે. દર અઠવાડીયે એક વાર પિયત દ્વારા ખાડામાં પાણી આપવામાં આવે છે. અને આ ખાડામાં ખેતરનો બધો કચરો એકઠો કરવામાં આવે છે. જેનું ખાતર બને છે. બે ખાડા વચ્ચે ૧૨ ફૂટનું અંતર રાખવામાં આવે છે જેથી, ટ્રેક્ટર સહેલાઈથી પસાર થઈ શકે. આ પ્રકારની કૃષિ પદ્ધતિથી ૫૦ ટકા પાણીની બચત થાય છે. આ પદ્ધતિથી ત્રણ વર્ષ સુધી ઉત્પાદન લઈ શકાય છે. ત્યાર પછી બીજા છોડની રોપણી કરવામાં આવે છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | |
| IPR Status | |
| Keywords | ગોળ, ખાડા, ખેતર, પાણી, બગાડ, ચોર, ક્યારા, તમિલનાડુ |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૯ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | પી. | Middle Name | | Last Name | વિવેકાનંદન |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Tamil Nadu | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000004276 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title**: નાના વાછરડાને કૃમિ (Tapeworm Infestation)

**Category**: પશુ સંવર્ધન

**Notebook Number**: Lok(૮)૩, June-૨૦૦૩, Pg.no. ૮

**Brief**: નાના વાછરડાને કૃમિના ઉપચાર (Tapeworm Infestation) માટે સીતાફળ (Annona squamosa )ના પાન, બામ (Bacopa monnieri), બાજરી (Pennisetum typhoides), મેથી (Trigonella foenum-graecum), સરસીયું (Brassica campestris), અજમો(Carum copticum), કાળીજીરી (Nigella sativa), પાણીનો ઉપયોગ

**Detail**: નાના વાછરડાને કૃમિ પડે ત્યારે ભૂખ ઓછી થઈ જાય છે, ખાવા તરફ અરૂચિ લાગે છે, શરીરે દુબળું લાગે છે, અવારનવાર પેટમાં દુખાવો થાય છે, કબજીયાત રહે છે, પાતળા દુર્ગંધ મારતા ઝાડા થાય છે, સુસ્ત રહે છે, જલ્દીથી થાકી જાય છે, પેટ દુંદાળું થઈ જાય છે, કોઈકવાર આંખની શ્લેષ્મકલા ફિક્કી જણાય છે અને બેચેની અનુભવે છે.

નાના વાછુરુમાં કૃમિના ઉપચાર માટે બે નંગ સીતાફળ (Annona squamosa )ના પાન, ૫૦ ગ્રામ બામ (Bacopa monnieri) નામની વનસ્પતિના પાન-ડાળી, ૫૦ ગ્રામ બાજરી (Pennisetum typhoides), ૫૦ ગ્રામ મેથી (Trigonella foenum-graecum), ૨૫ ગ્રામ સરસીયું (Brassica campestris), ૨૫ ગ્રામ અજમો (Carum copticum), ૨૫ ગ્રામ કાળીજીરી (Nigella sativa), આ બધી વસ્તુઓનો ભૂકો અલગ અલગ કરી એક લિટર પાણીમાં મિશ્ર કરી ૧૨ કલાક પલાળી રાખવું. ગાળ્યા વગર ઉકાળવું અડધું રહેવા દેવું. ત્યાર બાદ આ મિશ્રણને દ્રાવણને ઠંડુ પડે કપડા વડે ગાળી સ્વચ્છ કાચની શીશીમાં ભરી લેવું. આ દવા વાછરુને ધવડાવ્યા પહેલા ૧૦૦ મિલી પ્રમાણે બે દિવસ સુધી પીવડાવવાથી મૃત અવસ્થામાં કૃમિ મળ સાથે બાહર નીકળે છે. આ ઘરગથ્થું ઉપચારથી વાછરું માટી ચાટવાનું બંધ કરી ઘાસ ખાવાનું શરૂ કરે છે.

(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી ઓગષ્ટ ૨૦૦૪માં પ્રવિણ રોહિતે કરેલ છે.)

ખેડૂતે નીચેના ખેડૂતને દવા બનાવી આપેલ જેમણે દવાની સારી અસર છે તેમ જણાવેલ છે.
- હરીસિંહ માનસિંહ ગઢવી, માધવસિંહ દેવીસિંહ ગઢવી, રણજીતસિંહ જેઠાદાન ગઢવી, હરમાનભાઈ મંગળદાસ પ્રજાપતિ, ભારતસિંહ માનસિંહ ગઢવી

**Method of Use**:

**Caution**:

**Benefit**:

**Condition**:

**Material Used**: સીતાફળ (Annona squamosa )ના પાન, બામ (Bacopa monnieri), બાજરી (Pennisetum typhoides), મેથી (Trigonella foenum-graecum), સરસીયું (Brassica campestris), અજમો (Carum copticum), કાળીજીરી (Nigella sativa), પાણી

**IPR Status**:

**Keywords**: કરમીયા, ચરમીયા, કૃમિ, Tapeworm Infestation, વાછરડું, સીતાફળ, Annona squamosa, પાન,

more word are in detail

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૯૩ | Member Type | Verifier | | |
| First Name | પ્રવિણ | Middle Name | એચ | Last Name | રોહિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો-ખોરવાડ | Taluka | ઉમરેઠ | | |
| District | Anand | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૮૩૭ | Member Type | Scout | | |
| First Name | મહિપતસિંહ | Middle Name | એમ | Last Name | ગઢવી |
| Profession | ખેતી, પશુપાલન | Designation | ખેડૂત, પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઈ.ચા.મુવાડા, પો. ઘોડાસર | Taluka | મહેમદાવાદ | | |
| District | Kheda | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૪૪ | Member Type | Innovator | | |
| First Name | મોહોબતસિંહ | Middle Name | મોંઘાભાઈ | Last Name | ગઢવી |
| Profession | ખેતી, પશુપાલન | Designation | ખેડૂત, પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઈનામીચારણના મુવાડા, પો. ઘોડાસર | Taluka | મહેમદાવાદ | | |
| District | Kheda | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૪૮ વર્ષની છે. તેમની પાસે પાંચ વીઘા જમીન છે. તેઓ ડાંગર, કપાસ, બાજરીનું વાવેતર કરે છે. તેઓ ખેતી સાથે પશુ રાખે છે. તેમના પરિવારમાં એક દિકરો અને બે દિકરી છે. જે હાલ અભ્યાસ કરે છે. તેમની આર્થિક પરિસ્થિતિ મધ્યમ છે. તેમનું મકાન મધ્યમ પાકુ છે. ખેતરમાં રહે છે.<br><br>ગામનો પરિચય:-<br>આ ગામમાં ૭૦૦ની વસ્તી છે. ગામમાં ગઢવી, દરબાર, પ્રજાપતિ વગેરે જ્ઞાતિના લોકો વસે છે. ગામમાં બાલવાડી, પ્રાથમીક શાળા આવેલ છે. ગામમાં ગ્રામપંચાયત, દૂધ ઉત્પાદન મંડળી આવેલ છે. ગામમાં ડાંગર, બાજરી, શાકભાજી, કઠોળ પાકનું વાવેતર કરે છે. ખેતી સાથે પશુપાલન વિક્સેલ છે. | | | | | |

| Innovation ID | DTP0010000006055 | Sr No : 3 |
|---|---|---|

**Innovation Title** શાકભાજીમાં ફૂલનું ખરણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok(૩)૬, Dec.–૧૯૯૮, Pg.No.–૪

**Brief** શાકભાજીમાં ફૂલનું ખરણ અટકાવવા માટે હીંગ (<i>Ferula foetida</i>), બાજરી (<i>Pennisetum typhoides</i>)નો ઉપયોગ

**Detail**

(આ પદ્ધતિની પુનઃ તપાસ પ્રવિણ રોહિતે કલેસર ગામમાં જઈને જૂન ૨૦૦૪માં કરેલ છે. જે પૂર્ણ રૂપે સાચી છે અને ઉપયોગમાં છે.)
ચોમાસામાં તથા શિયાળામાં શાકભાજીમાં ફૂલનું ખરણ થાય છે. જેથી ફળ બેસે તે પહેલા જ ફૂલ ખરી પડે છે. જેના કારણે ઉત્પાદન બિલકુલ ઓછું મળે છે.
શાકભાજીમાં ફૂલનું ખરણ થાય ત્યારે ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાના કલેસર ગામનાં મોહનભાઈ લાલાભાઈ ઝાલા હીંગ અને બાજરી ના લોટનો ઉપયોગ કરે છે.
એક વિઘા માટે ૧૦૦ ગ્રામ હિંગ (<i>Ferula foetida</i>) અને ૨ કિલોગ્રામ બાજરી (<i>Pennisetum typhoides</i>) નો લોટ લઈ એક પોટલી બનાવી ફૂલ આવવાના સમયે પિયત આપતી વખતે ધોરીયામાં પોટલી મૂકવામાં આવે છે. આ પ્રમાણે કરવાથી હીંગના કારણે ફૂલ ખરતાં અટકે છે. અને કોકડવા જેવો રોગ પણ આવતો નથી. એકલી હીંગ મુકવાથી છોડ ઉપર ખરાબ અસર થવાની સંભાવના હોય છે.
ખેડૂતના જણાવ્યા મુજબ ૨ થી ૩ વખત પિયત આપતી વખતે આ પદ્ધતિ અપનાવવાથી ફાયદા થાય છે. તેઓ આ પદ્ધતિ તેમના બાપદાદા પાસેથી શીખ્યા છે. તેમજ છેલ્લા ૪૦ થી ૬૦ વર્ષ થી તેનો ઉપયોગ કરે છે.
નેપ્રાલર્ટ ડેટાબેઝ અનુસાર બાજરીનો લોટ જંતુનાશક તરીકે ઉપયોગી છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** હીંગ (<i>Ferula foetida</i>), બાજરી (<i>Pennisetum typhoides</i>)

**IPR Status**

**Keywords** ફૂલ, ખરણ, શાકભાજી, હીંગ, <i>Ferula foetida</i>, બાજરી, <i>Pennisetum typhoides</i>, ખેડા

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૯૩ Member Type Verifier

First Name પ્રવિણ Middle Name એચ Last Name રોહિત

Profession Designation

Address 1

Village મુ.પો-ખોરવાડ Taluka ઉમરેઠ

District Anand State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૧૧૭૬ Member Type Scout

First Name કાન્તીભાઈ Middle Name Last Name ડાભી

Profession Designation

Address 1

Village Taluka

District State Gujarat Country

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૩૧ Member Type Innovator

First Name મોહનભાઈ Middle Name લાલાભાઈ Last Name ઝાલા

Profession ખેતી Designation ખેડૂત

Address 1

Village મુ. કલેસર, પો. ઝરાવત Taluka મહેમદાવાદ

District Kheda State Gujarat Country India

Biography ખેડૂતની ઉમર ૫૮ વર્ષની છે. તેમને પત્ની તથા ૪ છોકરા તથા ૨ છોકરી છે. તેમાં ૨ છોકરા નોકરી કરે છે. ૨ છોકરા ખેતી કરે છે. તેમને જમીન ૭૦ વિઘા જેટલી છે. તેમાં તેઓ કપાસ, જુવાર, મકાઈ, દિવેલા, તુવેર, કઠોળ, શાકબાજી જેવા પાકો પકવે છે. તેમને પિયતની પણ સુવિધા છે. કોરથી મોટર દ્વારા પમઈ મળી રહે છે. તેમને પશુઓ ૨ બળદ ૫ ભેંસ તથા ૫ પાડા છે. તેઓને રહેવા માટે મધ્યમ પાકું મકાન છે. તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે. તેઓ અગાઉ સરપંચ તરીકે રહી ચુકેલ છે. તેમની પાસે ૭૦ વિઘા જેટલી જમીન છે. તેમાં કપાસ, જુવાર, મકાઈ, દિવેલા, તુવેર, કઠોળ અને શાકભાજીનું વાવેતર કરે છે. ખેતી સાથે પશુપાલન પણ કરે છે. તેઓ ૧૫ જેટલા પશુઓ રાખે છે. તેમાં ભેંસ, બળદ છે. તેમના પરિવારમાં ચાર છોકરા છે. તેમાં બે છોકરા ખેતી કરે છે. જયારે બે છોકરા નોકરી કરે છે. તેઓ ગામમાં સરપંચ તરીકે રહેલ છે. તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે. તેમનું મકાન મધ્યમ પાકુ છે.

ગામનો પરિચય-

આ ગામની વસ્તી અંદાજે ૧૫૦૦ જેટલી હશે આ ગામ આઠ ફળિયાથી વહેંચાયેલું છે. જેમાં યથાવત, ઉમાજીની મુવાડી સમડાવાની મુવાડી, મરાવત, વાઘાવત, ગોકુલપરા, કલેસર વગેરે ગામોની પંચાયત એક છે. આ ગામોની કુલ વસ્તી ૭૦૦૦ જેટલી હશે. ગામમાં પંચાયત, પોસ્ટ ઓફિસ પ્રા. શાળા માધ્યમિક શાળા, આંગણવાડી, દૂધમંડળી જેવું આવેલું છે. ગામમાં ૧ થી ૧૨ ધોરણની શાળા આવેલી છે. ગામમાં શિક્ષણની સુવિધા છે. અને શિક્ષણનું પ્રમાણ પણ સારું એવું જોવા મળે છે. ઉત્સવોમાં દિવાળી, હોળી, નવરાત્રી, ઉત્તરાયણ જેવા ઉત્સવો ઉજવે છે. પાકોમાં મકાઈ, જુવાર, કપાસ, દિવેલા, તુવર, કઠોળ, શાકભાજી જેવા પાકો પકવે છે. વૃક્ષોમાં આંબા, લીમડા, વડલા, આંબલી, બાવળ જેવા વૃક્ષો જોવા મળે છે. તેઓની આવકના સાધનો ખેતી, પશુપાલન, ધંધો, નોકરી કરી પોતાની આવક મેળવે છે. ગામથી તાલુકાનું અંતર-અંદાજે ૧૨ કિ.મી દૂર આવેલું છે. જ્યારે જિલ્લો ગામથી ૫૦ કિ.મી દૂર આવેલો છે. ગામમમાં પાકા રસ્તા આવેલાં હોવાથી વાહન-વ્યવહારની અવર-જવર ચાલું જોવા મળે છે.